સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

99789-26251

એ અબજો ના કરે કૌભાંડ તો ય બચી જાય છે,
કોણ જાણે કેવું ખાય છે ચૂર્ણ કે પચી જાય છે.
ને આપણા એક કોળિયાથી હોબાળો મચી જાય છે
ને બેન્ક-કોર્ટ-પોલીસના દાંત કચ-કચી જાય છે!!

હાઈકુ

લ્યો ! સ્ટ્રોંગ રૂમ!
હોય જેના હાથમાં -
તેના મોઢામાં...

વિશ્વાસઘાતે -
પ્રજા બની મૂરખ
લૂંટાઈ બેન્કો

(બેન્કના અધિકારીઓ જ ભ્રષ્ટ)

ચિંતન

રામ ઝરોખે બૈઠ કર, સબકા મુજબા લેત,
જિન કી જૈસી ચાકરી, તીન કો વૈસા દેત

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.

રામ આ જગતમાં સર્વત્ર વ્યાપી રહેલો છે. તે મૃત્યુલોકના માનવીમાં બધા જ કર્મો જાણે છે. બધાને માટે તેણે એક જ કાયદો કર્મનો રાખ્યો છે. તેને મન રાય અને રંક બધાં સરખાં જ છે. જ્યારે જીવ તેની પાસે ત્યારે તે બધાંનો હિસાબ પૂછી કરી જેની જેવી ચાકરી કે જન સેવા કે પરોપકાર જેવાં કામો કર્યા હશે તેવું તેને ફળ આપશે. કર્મના કાયદાની ચુંગાલમાંથી કોઈ બચી શકતું નથી કે હરિને કોઈ ઠગી શકતું નથી. માટે કબીર કહે છે કે અનીતિ અને દંભ છોડી સત્કર્મ કરતાં રહો તેમાં જ તમારું કલ્યાણ છે.

સુવિચાર

- ક્રોધે જીવતાને મારી નાખવાનું કામ કર્યું છે, અને પ્રેમે મરવા પડેલાને જીવાડવાનું કામ કર્યું છે - **મીરા ભટ્ટ**
- કેટલાક માણસોમાં કૂતરાના બધા જ ગુણો હોય છે, વફાદારી સિવાય - **રતિલાલ પટેલ**
- મનુષ્યની ચરિત્ર સુધારણા નહિ થાય ત્યાં સુધી દુ:ખોની સમાપ્તિ નહીં થાય - **પ્રણવાનંદજી**
- જીવનનું હરકોઈ કામ પ્રભુને રાજી રાખવાનું લક્ષ્ય રાખીને કરવું એનું જ નામ 'આચરણ' - **અખંડ આનંદ**
- સારા દિવસોમાં વિદ્વતા આભૂષણ છે, કષ્ટના દિવસોમાં સહાય છે અને વૃદ્ધાવસ્થામાં સંચિત ભંડાર છે - **અરસ્તુ**
- આપણે અસત્યથી ડરીએ છીએ, નસીબથી ડરીએ છીએ અને એકબીજાથી ડરીએ છીએ - **એમર્સન**
- આજનું ઔષધ : ખજૂર ખાવાથી ગર્ભવતી મહિલાઓમાં ગર્ભાશયની દિવાલ મજબૂત થાય છે અને લોહીનો સ્રાવ પણ ઘટે છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

ભક્ત રઈદાસ, બનારસમાં ગૃહસ્થજીવન જીવતા હતા, પણ સંતની જેમ રહેતા હતા. તેઓ મોચી કામ માટે કરતા હતા. એકવાર કાર્તિક પૂર્ણિમા નિમિત્તે ગંગા સ્નાન કરવા માટે કોઈ મોટી સંખ્યામાં ગંગાઘાટ તરફ જઈ રહ્યા હતા, પરંતુ રઈદાસની તો દુનિયા જ જાણે અલગ હતી. પોતાના કામમાં મગ્ન ભગવાનના ભજન ગાઈ રહ્યા હતા ત્યારે એક મહિલા રઈદાસ પાસે પોતાનાં ચંપલ સંધાવવા આવી એણે પૂછ્યું કે, 'બધા ગંગા સ્નાન કરવા જાય છે તારે જવું નથી ?' રઈદાસે ચંપલોના ઢગલા તરફ ઈશારો કરતા કહ્યું, 'જુઓ બેન, આટલું બધું કામ પડેલું છે, બધાને સમયસર ચંપલો પરત આપવાના છે. એટલે હું તો અહીં બેંસીને ભજન ગાતા ગાતા ચંપલો રીપેર કરીને ગંગા મૈયાના ભાવદર્શન કરી લઈશ.'

પછી તો પેલી મહિલા ગંગા સ્નાન કરવા જતી રહી, સ્નાન કરીને વળી તે મહિલા રઈદાસને મળવા ઊભી રહી. એ ઘણી નિરાશ તથા ઉદાસ દેખાતી હતી. તેણે જોયું તો રઈદાસ ત્યારે ભજન ગાતા ગાતા જૂતાં રીપેર કરી રહ્યા હતા. ત્યારે પેલી મહિલાએ કહ્યું, 'હું ગંગાજીમાં ડૂબકી મારીને આવું છું. ત્યાં મારી સોનાની વીંટી પાણીમાં વહી ગઈ.' એ મહિલા મનની સાફ હતી. અને સંત રઈદાસને પણ કરુણા થઈ એમણે એક પાણી ભરેલી ડોલમાં હાથ નાખ્યો અને તેમાંથી મહિલાની વીંટી કાઢીને કહ્યું, 'જુઓ બેન આજે તમારી વીંટી તો નથી ને !!' વીંટી જોઈને મહિલાએ કહ્યું, 'હા મારી જ વીંટી છે પણ તમારી પાસે કેવી રીતે આવી ?' રઈદાસે કહ્યું, 'મન ચંગા તો કથરોટમાં ગંગા' મન સારું હોય તો જયાં હો ત્યાં તીર્થસ્થાનનું પુણ્ય મળી શકે.

એંધાણ સારા નથી

તંત્રીસ્થાનેથી...

અનુસૂચિત અને જનજાતિને વિશેષ સંરક્ષણ પ્રદાન કરતા એટ્રોસિટી એક્ટને હળવો કરવાના સર્વોચ્ચ અદાલતને આદેશ સાથે દેશભરમાં જે વિરોધ વંટોળ ફૂંકાયો છે તે ખૂબ જ ચિંતાપ્રેરક ઘટના છે. સર્વોચ્ચ અદાલતે આ એક્ટનો મહંદશે દુરુપયોગ થતો હોવાની દાદ માગતી અરજી સ્વીકારી હતી અને ૨૦ માર્ચના રોજ આ એક્ટનો વહેવારુ અમલ કરવા માટે એની જોગવાઈઓમાં સુધારા કર્યા હતા. એક્ટ મુજબ કોઈ પણ દલિત - આદિવાસી નાગરિક પોતાની માનહાનિ મુદ્દે અથવા પ્રતાડના સંદર્ભે ફરિયાદ કરે તે આરોપીની તત્કાળ ધરપકડ કરવામાં આવતી હતી અને એ ગુનો બિનજામીનપાત્ર ગણાતો હતો. સુધારેલા કાયદા મુજબ આવા આરોપસર તાત્કાલિક ધરપકડ નહીં કરી શકાય તેમજ ગુનો જામીનપાત્ર ગણાશે. ધરપકડ કરતા પૂર્વે એસએસપી કક્ષાના પોલીસ અધિકારી એની તપાસ કરશે અને સાત દિવસ પછી જ ધરપકડ થઈ શકશે. વળી સરકારી અધિકારી કે કર્મચારીની આવા આરોપસર ધરપકડ કરતાં પહેલાં એના વિભાગીય વડાની મંજૂરી લેવી પડશે. એસ.સી - એસ.ટી એટ્રોસિટી નિવારણ એક્ટ તરીકે જાણીતા આ કાયદાની જોગવી કોંગ્રેસના શાસન દરમિયાન થઈ હતી અને કેટલાય કેસોમાં એનો અંગત રાગદ્વેષના હિસાબ ચૂકવવા દુરુપયોગ થયાના દાખલા પણ નોંધાયા છે વળી આવા કેસો કોર્ટના બોર્ડ પર આવે ત્યાં સુધી એક યા બીજી રીતે એમાં સમાધાન થઈ જતું હોવાનું પણ નોંધાયું છે. આથી ખુદ કેન્દ્ર સરકારની ભલામણ અને અભિપ્રાય સાથે હળવો કરાયેલો કાયદો હવે કેન્દ્ર માટે માથાનો દુ:ખાવો બની ગયો છે. થૂંકેલી ચાટતી હોય એમ કેન્દ્રને તત્કાળ રિવ્યુ પિટીશન દાખલ કરવી પડી છે. જે ઉગ્ર પ્રત્યાઘાતો 'ભારત બંધ'ના એલાનના પગલે જોવા મળ્યો છે, એ જોતાં સરકાર જેવી સરકારના હાંજા ગગડી જાય તે સ્વાભાવિક છે. આખું ઉત્તર ભારત ઊકળી ઉઠ્યું છે અને કેટલાંક રાજયોમાં તો કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે કેન્દ્ર પાસેથી મદદ મેળવવી પડી છે. દસ વ્યક્તિઓએ જીવ ગુમાવ્યો છે. બિહારમાં તો મહાદલિત જાતિના બાળકને હોસ્પિટલે લઈ જતી એમ્બ્યુલન્સ રોકતાં એ માસૂમે દમ તોડી દીધો. દલિત સમાજની અને આદિવાસી સમાજની સંગઠિત તાકાતનો પરચતો બતાવવા 'ભારત બંધ'ની અસર ગુજરાતે પણ અનુભવી છે. બસો અને સરકારી તથા ખાનગી વાહનોને થયેલ નુકશાન કરતાં પણ મોટું નુકશાન સવર્ણ - ઓબીસી સમાજ અને અનુસૂચિત જાતિ - જનજાતિ સમા વચ્ચે પડેલી ખાઈ છે. આ ખાઈ પાછળ સેંકડો વર્ષો જૂની માનસિકતા કારણભૂત છે. એ ખાઈ વધુ પહોળી બનશે તો દેશમાં વર્ગવિગ્રહ ફાટી નીકળવાની અને ભીલીસ્તાન કે દલિતીસ્તાન જેવી માગણીઓ બુલંદ થવાની શક્યતા છે. આવું ન બને તે માટે પાણી પહેલાં પાળ બાંધવી જરૂરી છે. રાજકીય પાર્ટીઓએ આ મુદ્દાને વોટબેંક સંદર્ભે ન જોતાં સાથે બેસી સમાધાનકારી ઉકેલ શોધવાનું મોટું ન રાખવું જોઈએ.

પૈસા ખર્ચીને મળે એ સન્માન શા કામનું ?

નવાં કલેવર

નટવર હેડાઉ

ચાર દાયકાની સાહિત્ય સાધના બાદ મને ભાન આવ્યું કે, અરે, સન્માન તો કરાવ્યું જ નહીં. મેં હવે તેના માટે દોડાદોડ કરવા માંડી તો લોકો કહેવા લાગ્યા કે અત્યાર સુધી કયાં ગયા હતા ? અમે તો અમારા જૂથના બધાને પતાવી દીધા. એમ કરો હવે બીજા કોઈને પકડો. નિરસ જવાબ મળતાં હું બીજા પાસે ગયો. તેમણે પણ બહાનાં બતાવ્યા.

પછી હારી થાકીને ભ્રમર બાપુની પાસે પહોંચ્યા. સાહિત્યમાં એ મોટી તોપ ગણાય છે. બધે તેમને જ બોલાવાય છે. સવારે કોઈ સાહિત્યગોષ્ઠિનું ઉદ્‌ઘાટન હોય તો સાંજે પુસ્તક વિમોચન તેમના જ હસ્તે થવાનું હોય. ખુબ વ્યસ્ત હોઈ ઘેર તો મળે જ નહીં. અને અમુક વાતો કંઈ જાહેરમાં થાય ખરી ? તેમને જોડે સાહિત્યમાં કઈ રીતે ખેલ પાડી શકાય તેમાં પોતાની આવડત છે. તેમનું વજન પડે અને એમ કહેવાય કે સાહિત્યમાં તેમની ધાક છે, કંઈ પણ આડું અવળું કરી ગોઠવણો કેમ કરવી તેની તેમનામાં સૂઝ છે. ભમતા રહે છે તેથી જ ભ્રમર બાપુ કહેવાય છે.

મને જોતા એ બોલી પડ્યા, 'યાર, જોશી તેં તડકામાં જ વાળ ધોળા કરી નાંખ્યા અને કાગળ કાળા કરતો રહ્યો. લેખનની આવડત પર સન્માન મેળવવાની આશામાં બેસી રહ્યો. પહેલાં મળ્યો હોત તો અત્યાર સુધી કેટલાય સન્માન અને એવોર્ડની ગંગોત્રીમાં તને પાવન કરી દીધો હોત. ખેર, જવા દે એ વાત જાગ્યા ત્યારથી સવાર. ચાલો તારા અમૃત સન્માનનું કંઈક કરીએ છીએ. હાં, પણ, તેમાં થોડી તકલીફ છે. થોડો કંઈ ભોગ તારે પણ આપવો પડશે.'

ભ્રમર બાપુની છેલ્લી વાત હું કંઈ સમજ્યો નહીં. તેથી મેં પુછ્યું 'શું' ભોગ આપવો પડશે? આટલું વિપુલ પ્રમાણમાં લખ્યા પછી પણ મારે હજુ શું કરવું પડશે ?

તે હસવા લાગ્યા અને બોલ્યા, 'જોશી, સન્માન પુરસ્કાર એ બધું તરજોડની રમત છે. તું તો સાહિત્ય - સાધનામાં લીન રહ્યો એ જ તારો માઈનસ પોઈન્ટ છે . લખવાથી કંઈ નથી થતું. લખવાથી પુસ્તક છપાઈ જશે. પણ સન્માન માટે લોકો સાથે હળવા મળતાં રહેવું પડશે. લખવાનો નશો ઉતરી ગયો હોય તો તને એક સાચી વાત કહું?'

'હાં, કહો ને, તમે કહેશો એમ કરવા હું તૈયાર છું. હર્ષિતભાઈ અને હરગોવન સન્માન મેળવતા હોય તો મેં શું આખી જિંદગી ઘાસ વાઢ્યું છે.' મેં વાત કરી તે સાંભળીને ભ્રમર બાપુએ કહ્યું, 'જોશી તેં ઘાસ જ વાઢ્યું છે. જેનું તું ઉદાહરણ આપે છે તેમણે રોકડા ખર્ચીને સન્માન મેળવ્યા છે. હવે પહેલાં જેવું રહ્યું નથી. કે કામ જોઈને સન્માન અપાતું હોય.

આજકાલ તો સન્માન એક યુક્તિ છે. તારે જોઈતું હોય તો તારું બજેટ બતાવ. આપણી સંસ્થાના બેનર નીચે તને પણ ગંગાસ્નાન કરાવી દઈએ. હર્ષિતભાઈ અને હરગોવને તો સન્માન મેળવવા તન મન અને ધન ત્રણે લગાવી દીધેલ. તેમની ભક્તિ ભાવના અને પૈસાના જોરે આજે તેઓ સાહિત્ય શિરોમણી પ્રાપ્ત કરી શક્યા છે. મૂલ્યો બદલાઈ ગયા છે. યુગ બદલાઈ ગયો છે. હમણાં જોયું નહીં બંકીમચંદ્ર જે પરિષદના અધ્યક્ષ છે તેના દ્વારા જ પોતાનું સન્માન કરાવી લીધું. જો ભઈ, મોડું કરીશ તો ગમે તેટલો મથીશ તો પણ મેળ નહીં પડે સમજ્યો ને, મારે એક કાર્યક્રમમાં જવાનું છે. તે શરુ થઈ જશે. ચાલ મારી સાથે આમ ઘરના ખૂણે બેસી રહેવાથી કંઈ નહીં વળે. કાર્યક્રમોમાં આંટા ફેરા કરવા પડે. મંચ પર ચડી જતાં આવડવું જોઈએ.'

મારી આંખો ખુલી ગઈ. પણ હું એટલા રૂપિયા લાવું કયાંથી ? આ મોંઘવારીમાં ઘરનું માંડ પૂરું થાય છે. ઘરનું ગાડું માંડ ગબડે છે તેમાં આવાં મોંઘા સન્માન કઈ રીતે મેળવું. હું એક બે દિવસમાં તમને મળું છું.' કહી હું નીકળી ગયો.

ઘેર આવી કયાંય સુધી દૂર દૂર બારી બહારનું દશ્ય જોતો બેસી રહ્યો. પત્નીએ આવીને પૂછ્યું. શું વિચાર કરો છો? મેં કહ્યું, 'જો ને સન્માન કેટલાં મોંઘા થઈ ગયાં છે. મારી થોડી બેદરકારીને લીધે હવે પેનલ્ટી લાગશે.'

પત્નીએ કહ્યું, 'સન્માન મેળવીને શું કરશો. તેનાં કરતાં છોકરાઓની ફી ભરવાની બાકી છે તેનું કંઈક વિચારો, પૌત્ર-પૌત્રીઓ વિચારશે દાદા એ તેમના માટે કંઈ ન કર્યું.' તમે લખો છો તે કંઈ નાની સૂની વાત છે. એક પળમાં મારો વિચાર બદલાયો, 'હાં તારી વાત ખરી છે. એવાં સન્માન ને શું કરવું છે. જે પૈસા ખર્ચીને મળે. સન્માનની ચળ હવે મરી ગઈ હતી.'

હું ચૂપચાપ રસોડામાંથી નીકળી મારા ઓરડામાં આવી મારા લેખનકાર્યમાં લાગી ગયો.

માસ્તર હરિરામ ગોર દીકરા સામે હારી ગયા

ગુલમહોર

દિનેશ દેસાઈ

દિવાળીનો દિવસ. ઘેર-ઘેર દીપમાળા ઝગમગે. અંધકાર ઉપર પ્રકાશના વિજયનું પર્વ, પણ હરિરામનો ચહેરો પડી ગયો હતો. સવારથી હરિરામ ઉદાસ હતા. દિવસમાં ચાર-ચાર વખત ગામના એસ.ટી. ડેપોએ જઈને પાછા ફર્યા. દુમાડ ગામ સુધી અમદાવાદથી દિવસમાં માત્ર ચાર વાર જ બસ આવતી. હરિરામનું ઘર એટલે ગામનો આબરુદાર વિપ્ર પરિવાર. પાંચમાં પૂજાતા હરિરામ આજે વયના વાર્ધક્યના આરે ગામમાં ચર્ચાઈ પણ રહ્યા છે. જો કે સાંભળી લેવા સિવાય તેઓ હવે બીજું કરી પણ શું શકે?

''પુનિયાના બાપા, આમ ક્યાં સુધી સૂનમૂન બેસી રહેશો? હવે વાળુ કરવાનો વખત થયો ને હજુ તમે પૂજા'ય બાકી રાખી છે.'' પ્રભાવતીએ પતિને ધીમો સાદ દીધો ને તંદ્રાવસ્થામાં સરકી ગયેલા હરિરામને ઢંઢોળ્યા.

ઘરના આંગણામાં તુલસીક્યારા પાસે માટીના ઓટલે બેઠેલા હરિરામે આળસ મરડી અને પોતાની બાજુમાં જ બેસી પડેલાં પ્રભાવતી ગોરાણીની સામું જોઈ રહ્યાં. ચશ્માની પેલે પાર નિહાળી રહેલા ગોર જાણે ગોરાણીના ચહેરાનો તાગ મેળવવા મથી રહ્યા હતા.

થોડી વાર એમ જ બેસી રહ્યા બાદ તેઓએ કહ્યું કે ''ગોરાણી, મને તમે આમ કહો છો તો તમે શા વિચારોમાં ખોવાઈ ગયાં? ખરેખર તો તમે બધુંય જાણો છો ને પાછાં અજાણ્યાં બનીને વાત માંડો છો? પણ ઠીક છે, જવા દો એ બધી વાત... ચાલો, એ કહો કે ચુલે શું ચઢાવો છો? તમે કંઈ પણ બનાવો, ત્યાં સુધી હું અબ ઘડી પૂજા કરી દઉં છું.''

ગોરાણીએ કહ્યુ: ''જુઓ, સવારના બનાવેલા બે રોટલા પડ્યા છે ને ખીચડી મૂકી દઉં છું. આપણે બે માણસને ખાવા જોઈએ કેટલું?''

ગોરની આંખે ઝળઝળિયાં આવી ગયાં, તે બોલી પડ્યાઃ ''પણ તમે તો બે દિવસથી કહ્યા કરો છો કે ઘરમાં ચોખા ખલાસ થઈ ગયા છે?''

ગોરાણીએ ધરપત બંધાવી આપતા કહ્યું કે ''એની ફિકર તમે શીદને કરો છો? હમણા બાજુવાળાં જશીબહેનના ઘરેથી મૂઠ્ઠી દાણાં લઈ આવું છું.'' — આટલું કહેતાં તો તેમની આંખોમાં પણ આંસુ આવી ગયાં.

ડૂમો બાઝેલા અવાજે હરિરામે પત્ની પાસે જઈને તેના વાંસે હાથ ફેરવ્યો અને બોલ્યા કે ''મનમાં ઓછું ન લાવતાં આપણો લાલજી કાલ સવારે દયા કરશે ને સારા દિવસો આવશે. બધા દિવસો કંઈ એકસરખા જતા નથી. આપણો કાળિયો ઠાકર હાજરાહજુર છે અને આપણો પુનિયો એક દિવસ જરુર ઘરે પાછો આવશે. પછી આપણને કોઈ વાતની ફિકર નહીં રહે. ખરું ને?''

> **પુનિત અમેરિકા ગયો ત્યારે હરિરામ પચાસ વર્ષના હતા. આજે વીસ વીસ વર્ષના વહાણાં વાયાં અને હરિરામ પણ સિત્તેર વર્ષના થઈ ગયા પણ દીકરાએ અત્યાર સુધીમાં ફૂટી કોડી પણ મોકલી નથી. અમેરિકા પહોંચ્યા પછી ધીરે ધીરે પુનિતે ફોન કરવાના પણ બંધ કરી દીધા હતા અને કાગળ લખવાના પણ બંધ કર્યા હતા. હવે તો તેનો કોઈ અતો-પતો પણ નહોતો**

ગોરાણીએ કહ્યુ: ''મને ખબર છે, પુનિયાના બાપુ. પાછલા વીસ વરસથી હું સાંભળતી આવી છું, ને તમે વરસોથી જાણે નિયમ બનાવ્યો હોય એમ આજે સપરમા દહાડે પણ ચાર ચાર વખત એસ.ટી. ડેપો જઈને આવ્યા પણ દીકરાના કોઈ વાવડ મળ્યા ખરા?''

''રહેવા દો ગોરાણી, તમેય આજે સવારથી દીકરાના નામનું ગાણું ગાતાં હતાં. મને તો ખબર જ હતી અને આપણાં ભાગ્ય જ એવાં, બાકી તો કોને દોષ દઈએ?'' હરિરામ પત્ની પ્રભાવતીને સધિયારો આપતાં આપતાં પોતે ખુદ ઢીલા પડી જતા હતા.

હરિરામ ગોર અને પ્રભાવતી ગોરાણી એટલે દુમાડ ગામનું આબરુદાર ખોરડું. ગામની શાળામાં હરિરામની માસ્તર તરીકે નોકરી અને થોડું ઘણું ગોરપદું પણ ખરું. લગ્નને સાત-આઠ વર્ષ થયાં ને કંઈ કેટલીય બાધા-આખડીઓ કરી ત્યારે આ દંપતીને ત્યાં પારણું બંધાયું હતું. પતિ-પત્ની બેઉ લાલજીનાં અનન્ય ભક્ત. જાણે ભગવાન શ્રીકૃષ્ણનાં જ પુત્રરુપે પુનિત પગલાં ન થયા હોય એમ દીકરાનું નામ પુનિત રાખ્યું હતું. સમયને જતા ક્યાં વાર લાગે છે? દીકરો મોટો થતો ગયો.

પુનિત ભણવા-ગણવામાં હોંશિયાર. ગોરપદામાં ઘર ચાલે અને શાળાના પગારની આવકમાંથી બચત કરી કરીને હરિરામે થોડીક જમીન પણ લીધી હતી. માણસો રાખીને ખેતીવાડી કરાવે અને ગોર પોતે પણ ખેતરે જઈને ધ્યાન આપતા. પુનિતને ડૉક્ટર બનાવવા અમદાવાદની મેડિકલ કૉલેજમાં મૂક્યો હતો. એની તોતિંગ ફીનો ખર્ચ કાઢવા મા-બાપે બધી બચત વાપરી નાખી હતી.

સમય જતા દીકરાએ કહેલું કે ''બાપુ, મારું ભણવાનું તો પુરું થઈ ગયું પણ વધુ ભણવા અમેરિકા જવાની મારી ઈચ્છા છે. જો તમે રજા આપો તો...''

આમ સમય જતા દીકરાને અમેરિકા મોકલવા અને તેની કારકિર્દી ખાતર તો ખેતર પણ વેચી કાઢ્યું હતું. આટલું ઓછું હોય તેમ દીકરાના સારા ભવિષ્યની આશામાંને આશામાં હવે મા-બાપે ખોરડું પણ વેચવું પડ્યું હતું. પોતાનું મકાન છોડીને છાતી ઉપર પથ્થર મૂકીને માવતરે ભાડાના ઘરમાં બાકીની જિંદગીને ખસેડી હતી.

અમેરિકા પહોંચ્યા પછી શરુ શરુમાં તો દીકરો અમેરિકાથી ફોન પણ કરતો અને નિયમિત કાગળ લખતો હતો. કાગળમાં જલદી વતન પાછા ફરવાની અને પૈસા મોકલવાની પણ વાત કરતો હતો. પુનિત અમેરિકા ગયો ત્યારે હરિરામ પચાસ વર્ષના હતા. આજે વીસ વીસ વર્ષના વહાણાં વાયાં અને હરિરામ પણ સિત્તેર વર્ષના થઈ ગયા પણ દીકરાએ અત્યાર સુધીમાં ફૂટી કોડી પણ મોકલી નથી. અમેરિકા પહોંચ્યા પછી ધીરે ધીરે પુનિતે ફોન કરવાના પણ બંધ કરી દીધા હતા અને કાગળ લખવાના પણ બંધ કર્યા હતા. હવે તો તેનો કોઈ અતો-પતો પણ નહોતો.

દીકરો અમેરિકા ગયો ત્યારે દિવાળીના દિવસે પાછા આવવાનું કહીને ગયો હતો કે ''બા-બાપુજી, આપણે દિવાળી સાથે ઉજવીશું. દિવાળીના દિવસે હું જરુર પાછો આવી જઈશ.''

— પરંતુ દીકરો ગયો તે ગયો. આજની ઘડી અને કાલનો દહાડો. પેન્શનની હજારેક રૂપરડીમાં ગોર અને ગોરાણી મોંઘવારીમાં જેમ તેમ કરીને દિવસો ગુજારી રહ્યાં છે, એવી શ્રદ્ધા સાથે કે ''અમારો પુનિયો જરુર પાછો આવશે અને સુખના દિવસો લાવશે.''

યે મેરા ઘર, યે તેરા ઘર...!! સાસરે ગયા બાદ સમજાયું પિયરનું મહત્ત્વ...!!

Hello ફ્રેન્ડસ!

સંજય થોરાત 'સ્વજન'

mail@sanjaythorat.com

સગાઈની રસમ પતી અને એકબીજાને રીંગ પહેરાવી, મહેમાનો-સગાંઓએ તાળીઓથી આ નવા સંબંધને વધાવી લીધો. છેલ્લાં ઘણાં સમયથી ચાલતી યોગ્ય શોધખોળનો અંત આવ્યો હતો અને એક સરસ પાત્ર મળ્યાંની ખુશી દીકરીના માબાપના ચહેરા પર છલકાતી હતી. પ્રસંગ સરસ રીતે સંપન્ન થયો. બધાં સાથે સ્માઈલી આપતી તસવીરો ખેંચાઈ અને સૌથી છેલ્લે કપલ સ્ટેજ પરથી નીચે ઊતરી પગે લાગતાં લાગતાં પાંચ પકવાન પીરસેલી થાળીએ પહોંચ્યાં...

'મનુ, ઉઠ આઠ વાગી ગયા...' મમ્મીએ બૂમ પાડી. આમ તો એનું સરસ મજાનું પારિજાત નામ. પણ ઘરમાં સૌની મનુ.

આ છોકરીનું શું થશે ? સગાઈ થઈ ગઈ છે, થોડાં સમયમાં લગ્ન કરીને સાસરે જશે. ત્યાં શું એની સાસુ એને ચાનો કપ ધરીને પથારીમાંથી ઉઠાવશે ? 'બેટા, મનુ, ઉઠ,જો તારા માટે ચા તૈયાર છે.' મમ્મીની મનોમન બડબડ શરૂ થઈ ગઈ હતી.

'મનુ... મનુ... સાડા આઠ... નાસ્તો પણ તૈયાર છે, નોકરી નથી જવાનું ?' મમ્મીનો અવાજ ઊંચકાયો. અને એ એક ઝાટકે ધાબળો ફગાવી સીધી જ બાથરૂમમાં.... ફટાફટ તૈયાર થઈ, નાસ્તો પતાવી, નવ વાગે તો એક્ટિવાના કાન આમળી સીધી બેંક જવા રવાના થઈ ગઈ...

સગાઈ બાદ લગ્નની તારીખ હવે ઝડપથી નજીક આવતી હતી. સાડીઓની ખરીદી લગભગ પતવા આવી. ભાઈ-બહેન-માસી - કોઈ સૌની ઘરે અવરજવર વધવા લાગી હતી. ખરીદી બતાવવાનો આનંદ લૂટવામાં આવતો હતો. ધીમે ધીમે ઘર ભરાવા લાગ્યું. મહેમાનો બેગ સાથે ધામા નાંખ્યા લાગ્યા. ગણેશ સ્થાપના થઈ, બારણે આસોપાલવના તોરણ ઝૂલ્યા, માંડવો રોપાયો, શહનાઈ બજી ઉઠી, મહેંદી મુકવાની રસમ શરુ થઈ, બહેન - ભાભીઓ ખુશીથી મહેંદીમાં ડાન્સ કરવા લાગ્યા...

સાંજે વરરાજાના નામનો લીલો ચૂડો મનુના હાથે ચઢાવવામાં આવ્યો. સ્કૂલમાં નવો ફ્રોક પણ જેને વ્યવસ્થિત સાચવતા નહોતો આવડતો એનાં હાથમાં 'હરિ હરિ ચૂડિયાં' જોઈને મમ્મીનું મન ભરાઈ આવ્યું. આંખો ભરાઈ આવી અને ચ્હા બનાવવાના બ્હાને એ આંખો લૂંછવા રસોડામાં જતી રહી... આવતીકાલે લગ્ન હતા, મહેમાનોની પંગત જમવા બેસતી હતી. ભાઈઓ, બહેનને વહાલથી જમાડતા હતા. બીજા દિવસના આયોજનની તૈયારી પતાવી બધાં ઊંઘવા ઉતારા પર જતા રહ્યાં.

થાકેલા પરિવારના સભ્યો શાંત થયા. પણ મનુની ઊંઘ ઉડી ગઈ હતી. સતત હાથમાં મોબાઈલ લઈને ફરતી મનુને મોબાઈલને ચાર્જરને હવાલે કર્યો હતો. આવતીકાલથી જિંદગીમાં ચેન્જ આવશે. અધિકાર અને સત્તાની અદલાબદલી થવાની હતી. આવતીકાલની પ્રત્યેક દિવસનો હિસાબ માંગનારો કોઈ આવવાનો હતો...

> **બસ શ્વાસનું સગપણ હતું, એની જ વાત છે,**
> **એમાંય પાછું, 'પણ' હતું, એની જ વાત છે.**
> **આંગણ વિનાના ઘર હવે તો કયાં નવાઈ છે?**
> **ના ઘર છતાં પ્રાંગણ હતું, એની જ વાત છે!**
> **- ડૉ. મુકેશ જોષી**

... અને પારિજાતને પિયરની છેલ્લી રાત્રે આખા ઘર સાથે જોડાયેલી યાદો આવવા લાગી. મમ્મી-પપ્પા અને બહેન એમ નાનકડો પરિવાર અને વન બીએચકેનો નાનકડો ફલેટ. અને આ પરિવારમાં સર્જાનાર ખાલિપાનો એને વિચાર આવતો હતો. આવતીકાલે આ બધાંને મુકીને પતિ સાથે સંસાર કરવા નવા ઘરે જવાનો આનંદ હતો તો સામે પક્ષે એટલી જ વ્યથા પણ... એનો જન્મ આ જ ઘરમાં થયેલો. પ્રથમ જન્મદિવસથી લઈ લગ્ન સુધી પ્રત્યેક પ્રસંગ મમ્મી-પપ્પાએ મર્યાદિત આવક છતાં ઉજવ્યા હતા. અત્યારે લગ્નમાં પણ બચાવી રાખેલી મૂડી લગાવી જ હતી !

આજે એને નાનકડો ફલેટ મોટો લાગવા લાગ્યો હતો. ઊંઘ આવતી નહોતી. એ દેરક રૂમમાં ફરતી ગઈ. દિવાલ, કબાટ, મંદિર, ઓશિકા, પલંગ, સોફા બધા પર હાથ ફેરવતી હતી. સિલાઈ મશીન પાસે આવીને અટકી. મમ્મી કહી કહીને થાકી પણ એ આ મશીન શીખી જ નહોતી. મંદિર સામે એનાથી હાથ જોડાઈ ગયા. જયારે પણ તકલીફ પડી છે, આ ગુરુદેવ વહારે આવ્યા છે. પપ્પાને તો ભગવાન પર અતૂટ શ્રદ્ધા. એ કાયમ કહેતા, 'પરમેશ્વર બેઠો છે મારાં માટે, ભગવંત બધું બરાબર કરશે...'

એણે કબાટ ખોલ્યું, અંદર એની બહેન સાથેનો ફોટો હતો. સારી-ખોટી બધી વાતમાં એણે મદદ કરેલી. સાથે લડ્યાં - ઝઘડ્યા, રમ્યા - ફર્યા આજ તો હતી જેની સાથે દિલ ખોલીને વાત કરી છે. સાસરે તો કોઈ નથી. ના નણંદ ના દિયર, કો મનનો ભાર હળવો કરશે ? આજે આ ઘરની દરેક દિવાલ, દરેક વસ્તુ મનુ સાથે વાતો કરતી હતી. એનું બાળપણ - યુવાની પ્રસંગ - કિસ્સા નજર સમક્ષ ફરતાં હતા. એટલામાં એને લાગ્યું કે કોઈક એને બોલાવી રહ્યું છે.

જોયું તો એનો પ્રિય કૂતરો બ્રેવો પૂંછડી પટપટાવતો હતો. કદાચ એને પણ મનુના વિદાયનો અણસાર આવી ગયો હતો. કેટલું નાનું બચ્ચું એ લઈ આવી હતી ? આજે તો એ હટ્ટોકટ્ટો સાથીદાર હતો. એને એ પણ યાદ આવ્યું કે પોતાના કામની જવાબદારી સાથે આ કૂતરાની વધારાની જવાબદારી પણ મમ્મીના માથે જ આવી હતી... એ બ્રેવો સાથે મંદિર સામે હાથ જોડી ઊભી રહી ગઈ. ઘર આખું નજરમાં ભરી લીધું. હવે કાલથી એ પિયર બનવાનું હતું. એણે ભગવાનને પ્રાર્થના કરી, 'મારું આ ઘર અત્યાર સુધી ખુશખુશાલ હતું. અમારી મર્યાદા છતાં માબાપે મોટું મન રાખી અમને ખુશ રાખી છે. માબાપ એ ભગવાન કરતાં કમ નથી અને આ ઘર મંદિર છે. એને કાયમ સુખી - સમૃદ્ધ રાખજે.'

મનુને ખબર હતી કે જે અવસ્થા એની હતી એ મમ્મીની પણ હશે જ. કાયમ સ્વચ્છતાની આગ્રહીને એના વર્તણૂકની ફરિયાદ જ રહી છે. એને મારી, મારા વર્તનની ચિંતા હશે. પણ એને કયાં ખબર છે કે મોબાઈલ પર ફટાફટ મેસેજ ટાઈપ કરતી આ જનરેશન બીજે ફટાફટ એડજેસ્ટ થઈ જશે. દીકરી વિદાયના દુ:ખની સાથે એમને હું ત્યાં સેટલ થઈશ કે નહીં ? એવી ચિંતા પણ હશે જ. કોઈને મફતમાં દવાની બે ટિકડી પણ ના આપતાં મેડિકલ સ્ટોર્સ ધરાવતાં મારાં માબાપને આમ આખી દીકરી આપી દેવાની વાત હચમચાવી મૂકવાની છે...

આ દુનિયામાં માબાપ જેટલું વિશાળ મન કોઈનું જ નથી. જે દીકરી પોતાના ઘરે રહીને કહ્યું માને નહીં અને મનમાની જ કરે છતાંય એને કોઈ વાતનું ઓછું આવવા ન દે. બધા મોજશોખ પુરાં જ કરવાનાં. લગ્નમાં બજેટ બહાર જઈ ખર્ચા કરવાની પણ એમની જ જીગર. ખબર છે કે એકાદ વર્ષમાં બીજી દીકરીના લગ્ન આવશે છતાંય કયાંક કોઈ કચાશ નહીં અને આવું કરવાનું જીગર તો માત્ર બાપનું જ. કાયમ સ્વમાની અને ટટ્ટાર રહેતા પપ્પાને મનુએ સગાઈ વખતે આટલા નમીને પ્રણામ કરતાં જોયા

અનુસંધાન પાના નં. ૭ પર